Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૨ મું. સંવત ૨૦૦૧

અંક ૧૨ મો. આષાઢ : જુલાઈ

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


| | | |
|---|---|---|
| ૧ આત્માને ચેતવણી. | ( રેવાશંકર વાલજી બધેકા ) | ... ... ૧૭૧ |
| ૨ કાવ્યથી મળતા મહાન્ લાભે | ( મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી ) | ... ... ૧૭૨ |
| ૩ સંક્ષિપ્ત બોધવચનમાળા | ( આચાર્યશ્રી વિજયપદ્મસૂરિ ) | ... ... ૧૭૪ |
| ૪ આત્મધ્યાની અનાથ મુનિ | ( શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ... ... ૧૭૬ |
| ૫ મદનો શિકાર **समयंमापमाए.** | ( શ્રી મોહનલાલ ચોકસી ) | ... ... ૧૭૭ |
| ૬ જીવનની પ્રયોગશાળા | ( શ્રી અભ્યાસી ) | ... ... ૧૭૯ |
| ૭ વર્તમાન સમાચાર | ... ... ... ... | ... ... ૧૮૦ |
| ૮ સ્વીકાર સમાલોચના. | ... ... ... ... | ... ... ૧૮૧ |


### જવાબ મંગાવનારાઓને નમ્ર સૂચના.

શ્રી આત્માનંદ પ્રકાશ માસિક, પુસ્તક પ્રકાશન ખાતા કે તેવા કોઇ પણ સભાના કાર્ય માટે જે બંધુઓને કંઇ પણ ખુલાસા-જવાબની જરૂર હોય તેમણે જવાબ માટે પોસ્ટની ટિકિટ મોકલવા તસ્દી લેવી. ખાસ કારણ હશે તો જ માત્ર જવાબ-ખુલાસો આપવામાં આવશે.

### ગુજરાતી ભાષાના તૈયાર થતાં ગ્રંથો.

#### ૧ શ્રી વસુદેવ હિંડી ગ્રંથ ( શ્રી સંઘદાસ ગણિકૃત)

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાહતરૂપ આ ગ્રંથ છે. શુમારે પાંચમાં સૈકામાં તેની રચના થયેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્દગત મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી** મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. સાક્ષરવર્યશ્રી **આનંદશંકર** બાપુભાઈ ધ્રુવ સાહેબે આ સભામાં એક વખત પધારી જણાવ્યું હતું કે—આ ગ્રંથનું મૂળ અને ભાષાંતર શુદ્ધ કરી પ્રગટ કરનાર જે સંસ્થા હશે તેણે ખરી સાહિત્યસેવા કરેલી ગણાશે. આ ગ્રંથના અભ્યાસ સિવાય લખાયેલ ભારતનો ઇતિહાસ અપૂર્ણ રહેશે. દરેક જૈન જૈનેતર સાક્ષર અને સાહિત્યકારની પ્રશંસાને પાત્ર થયેલ આ ગ્રંથ છે. આવા બહુમૂલ્ય ગ્રથનું ભાષાંતર વિદ્વાનો પાસે તૈયાર કરાવેલ છે. **તેના પ્રકાશન માટે સહાયની જરૂર છે.** કોઈ ભાગ્યશાળી, પુણ્યવાન અને સુકૃતની લક્ષ્મી પામેલ જૈન બંધુનું નામ આ ગ્રંથ સાથે જોડાય તેમ ઇચ્છીએ છીએ. ખરેખરી જ્ઞાનભક્તિનું આ ઉત્તમોત્તમ કાર્ય છે, એમ વિદ્વાન આચાર્ય મહારાજા તથા મુનિ મહારાજાઓનો ખાસ અભિપ્રાય છે. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી, અનેક જાણવા યોગ્ય વિષયો અને કથાઓ આવેલી છે.

આ ગ્રંથમાં પૂરેપૂરી સહાય આપનારનુ જીવનચરિત્ર અને ફોટો આપવામાં આવશે. આ પ્રભાવશાળી, ઉત્તમોત્તમ અને સર્વમાન્ય ગ્રંથ-સાહિત્યની સેવા કરવાનો પ્રસંગ ભાગ્ય વગર સાંપડતો નથી જેથી કોઇ પુણ્યપ્રભાવક જૈન બંધુએ આ ગ્રંથ સાથે નામ જોડવા જેવું છે. સહાય આપનાર બંધુની ઇચ્છા મુજબ આ ગ્રંથનો ઉપયોગ સભા કરી શકશે.

**અમારા નવા થનારા લાઇફ મેમ્બરોને તૈયાર થતાં ઉપરનો તેમજ નીચે જણાવેલ છપાતાં ઉત્તમોત્તમ સુંદર ચરિત્રો ગ્રંથો તૈયાર થયે ધારા મુજબ તેઓને પણ ભેટ આપવાના હોવાથી જૈન બંધુઓ અને બહેનો લાઈફ મેમ્બર સત્વર થઈ લાભ લેવા જેવું છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૧. આષાઢ. પુસ્તક ૪૨ મું.

વિક્રમ સં. ૨૦૦૧. :: ઇ. સ. ૧૯૪૫ જુલાઈ :: અંક ૧૨ મો.

## ચેતવણી

( હરિગીત છંદ )

" ગાફિલ મુસાફર જાગી જો !, વ્હાણું અરે ! વીતી ગયું "
રે ચેત ! ઓ નર ચેત !! ચેતાવી રહી ઘડીઆળ આ,
ટક–ટક–ટકોરાથી કહે, જીવન જતું સંભાળ આ;
આષાઢની સરિતા સમું, જળ વેગમાં જાતું રહ્યું,
ગાફિલ મુસાફર જાગી જો !, વ્હાણું અરે ! વીતી ગયું. ૧
તેં પુત્ર ધન ને પ્રેમદા, સ્નેહી–સંબંધી ઓળખ્યાં,
બહુ સાવધાનીથી અરે ! વ્હેવારનાં નામાં લખ્યા;
એવી અનેક ઉપાધિમાં, તેં " **आत्मतत्त्व** " ન ઓળખ્યું,
ગાફિલ મુસાફર જાગી જો ! વ્હાણું અરે ! વીતી ગયું. ૨
બાળક યુવા ને વૃદ્ધા, એ ત્રય રંગ બહુ ભાતી રમ્યો,
મદમસ્ત ને મગરૂર થઇ, ભૂલો પડી ભૂતળ ભમ્યો;
હમણાં ઝડપશે કાળ, એનું ભાન કૈં જ નહીં રહ્યું,
ગાફિલ મુસાફર જાગી જો ! વ્હાણું અરે ! વીતી ગયું. ૩
આંખો ઉઘાડી દેખ ! કયાં છે ભૂપ ચક્રચૂડામણિ ?
કયાં છે મહારણધીર, જેની આણ્ય ફરતી'તી ઘણી;
તારી નજરની આગળે, સૌ કાળના મુખમાં ગયું,
ગાફિલ મુસાફર જાગી જો ! વ્હાણું અરે ! વીતી ગયું. ૪
ચેતાય તો તું ચેતી લે, બાજી હજી છે હાથમાં,
પ્રાણાન્ત ટાણે " વાત કફ ને પીત " આવે સાથમાં;
ત્યારે કશું થાશે નહીં, ઝટ માન્ય **સંતો**નું કહ્યું,
ગાફિલ મુસાફર જાગી જો ! વ્હાણું અરે ! વીતી ગયું. ૫

મોત–નગારાં ગડગડે, ઓ ગાફિલ ગમાર;
સફળ કરી લે જિંદગી, **सुकृत** કરી લે સાર. ૧
ચિત્ત–વિત્ત એ ક્ષણિક છે, ક્ષણિક આપણો દેહ;
અચળ રહે **सद्धर्म** ને, અચળ પ્રભુમાં સ્નેહ. ૨

સદ્ધર્માનુરાગી **રેવાશંકર વાલજી બધેકા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કાવ્યથી મળતાં મહાન્ લાભો

## ( કાવ્ય સાહિત્ય વિષયક. )

કાવ્યની કિંમત નાનીસૂની નથી. બુદ્ધિધન પૂરેપૂરું હોય તો જ સુન્દર-સર્વાંગસુન્દર કાવ્ય નીપજે છે: મતિના મહામૂલ્ય ચૂકવે ત્યારે તેને તેના ગ્રાહકો ગ્રહણ કરી શકે છે. કાવ્યનું ઉપર ઉપરથી અવલોકન કરનારા ઘણા નીકળે છે પણ અન્દર-ઊંડાણમાં ઊતરી તેનું હાર્દ-રહસ્ય જાણનારા ઓછા હોય છે. કહ્યું છે કે—

**वेश्यानामिव विद्यानां, मुखं कैः कैर्न चुम्बितम् ।**
**हृदयग्राहिणस्तेषां, द्वित्रीः सन्ति वा न वा ॥**

( વેશ્યાની માફક વિદ્યાનું મુખ કોણે કોણે નથી ચુમ્બ્યું ? પણ તેના હૃદયને ગ્રહણ કરનારા બે ત્રણ છે અથવા નથી. )

કારણ કે વિશિષ્ટ પ્રજ્ઞાની વિભૂતિ સિવાય કાવ્યને તળિયે પહોંચી શકાતું નથી. જે કાવ્યની પાછળ વિપુલ વ્યય છે, મહાપરિશ્રમ છે, ઘણો ભોગ છે એનું ફળ શું ? એથી લાભ શા ? એ વડે મેળવવાનું શું ? એ જાણવું ખાસ અગત્યનું છે.

કાવ્યના ફળ માટે પ્રાચીન પુરુષોનું મન્તવ્ય:-

કાવ્યથી યશ: વધે છે, ધન મળે છે, વ્યવહારનું જ્ઞાન થાય છે. અશિવ-દુ:ખ નાશ પામે છે. શીઘ્ર શાન્તિ સંપજે છે. રસિક રમણીથી મળતાં સદુપદેશની જેવા ઉપદેશ લાગે છે.

( ૧ ) યશ:—વ્યાસ-વાલ્મીકી-કાલિદાસ વગેરે કવિઓ આજ પણ જાણે જીવતા હોય એમ લાગે છે, તેના નામ જનતા વિસરતી નથી એ પ્રતાપ કોઈનો હોય તો તે તેમના કાવ્યનો છે. તેમને યશ અપાવનાર કાવ્ય છે.

( ૨ ) ધન—વિક્રમાદિત્ય-ભોજ વગેરે રાજાઓ કાવ્યની સુન્દર કિંમત કરતાં સંભળાય છે કે રસિક સૂક્તિ સંભળાવનારને લાખ લાખ મુદ્રાઓનું વિતરણ કરાતું. રાજા ભોજ કવિઓ પ્રત્યે જે ઉદારતા દાખવતો તેના એક બે રમૂજી દૃષ્ટાન્તો જાણવા જેવા છે.

એક વખત ભોજદેવ નદીકિનારે ઊભો હતો. સામેથી એક દરિદ્ર વિપ્ર નદી ઊતરીને ચાલ્યો આવતો હતો. રાજાએ તેને સંસ્કૃત શ્લોકમાં પૂછ્યું-'**कियन्मानं जलं विप्र !**' હે ભૂદેવ ! પાણી કેટલું છે ? ઉત્તરમાં બ્રાહ્મણે જણાવ્યું કે '**जानुदघ्नं नराधिप !**' હે રાજન્ ! ગોઠણ પ્રમાણ છે. રાજાએ કહ્યું '**कथमीदृशयवस्था ते**'? તારી સ્થિતિ આવી શાથી ? બ્રાહ્મણે કહ્યું '**नहि सर्वे भवादृशाः**' બધા આપની જેવા ( ઉદાર ) નથી. એના આવા કથનથી રાજા ખુશી થયો ને તેને '**जानुदघ्न**' જેવો વ્યાકરણનો વિશિષ્ટ પ્રયોગ કર્યો તે માટે ઘણું દાન દીધું. ભંડારીએ રાજાના ચોપડામાં આ હકીકત લખતાં લખ્યું કે—

'**लक्षे लक्षे पुनर्लक्षं, मत्ताश्च दशदन्तिनः ।**
**दत्ताः श्रीभोजराजेन, जानुदघ्नप्रभाषिणे ॥**'

લાખ-લાખ વળી લાખ ( સોનામહોરો ) અને મદોન્મત્ત દશ હાથીઓ 'જાનુદઘ્ન' એ પ્રયોગ બોલનારને શ્રી ભોજદેવે આપ્યાં.

ભોજરાજની આવી ઉદારતા મંત્રીઓથી સહન થતી નહિ તેથી એક સમય રાજાના પ્રવેશ દ્વાર ઉપર મોટા મોટા અક્ષરે નીચે પ્રમાણે તેઓએ લખાવ્યું—

'**आपदर्थे धनं रक्षेत्**'

વિપત્તિ વખતે કામ લાગે માટે ધન સાચવવું.

આ વાંચીને ભોજરાજે તેના ઉત્તરમાં નીચે પ્રમાણે લખ્યું.

'**भाग्यभाजां क चापदः ?**'

ભાગ્યશાલીઓને આપત્તિ-વિપત્તિઓ ક્યાંથી ? મંત્રીઓએ બીજે દિવસે વળી લખ્યું કે,

'**कदाचित्कुप्यते दैवम्**'

કદાચ ભાગ્ય ફરી જાય-દૈવ રૂઠે.

રાજાએ તેના જવાબમાં જણાવ્યું કે—

'**सञ्चितार्थोऽपि नश्यति**'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(દૈવ કોપે તો) સંઘરેલ સમ્પત્તિ પણ નાશ પામે છે.

આ રીતે કાવ્યથી ધનપ્રાપ્તિ થાય છે.

(૩) વ્યવહારનું જ્ઞાન—કાવ્ય કરનારને પ્રસંગે પ્રસંગે વ્યવહારની કેટલીએ ગુંચવણો ઉકેલવી પડે છે. માઘકાવ્યમાં વિદુર નીતિ દર્શાવતા કેટલીક વ્યવહારની વાતો કવિએ કથી છે. કિરાતમાં રાજનીતિનો સુન્દર ચિતાર દર્શાવ્યો છે. તેના વાચકોને પણ વ્યવહાર નીતિનું સુન્દર જ્ઞાન તેથી મળે છે. આ ત્રીજું ફળ કાવ્યના કર્ત્તા અને વાચક બન્નેને મળે છે.

(૪) અશિવનો નાશ—વ્યાધિ અને દુઃખ કાવ્યથી દૂર થાય છે. એ ગળે ન ઉતરે એવી વાત લાગે, પણ સંગીતથી રોગો મટાડવામાં આવે છે, એ પ્રસિદ્ધ છે. એ જ પ્રમાણે કાવ્યમાં એકાગ્ર થતાં કવિઓ રોગનું ભાન ભૂલી જતાં. જેને આપણે ભૂલી જઈએ એ આપણાથી દૂર થાય એ સ્વાભાવિક છે. જે દેવતાઓની કાવ્યદ્વારા સ્તવના કરવામાં આવતી તેઓ પ્રસન્ન થતાં ને તેઓ અસાધ્ય વ્યાધિઓને દૂર કરતાં. બાણ–મયૂર વગેરે કવિઓના અસાધ્ય વ્યાધિઓ કાવ્યથી વિલય પામ્યા હતા. એ રીતે કાવ્યથી અશિવ શાન્ત થાય છે.

(૫) શાન્તિ–ગમે તેવું ઉગ્ર ચિત્ત કાવ્યથી પ્રસન્ન થાય છે. કાવ્ય કરનાર અને વાંચનાર તેમાં તન્મય બની જાય છે. દુનિયાનું–ભવનું ભાન ભૂલી જાય છે. જ્યાં બાહ્ય વિકલ્પો નથી ત્યાં પરમ શાન્તિ મળવી અસુલભ નથી. એટલે કાવ્યથી પરમ શાન્તિ મળે છે.

(૬) સદુપદેશ—અનાદિકાળના સંસ્કારવશ પ્રાણિઓ પાપપ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહે છે. તેઓને તેથી છોડવવાને સીધો સદુપદેશ દેવામાં આવે તો તે કારગત નીવડતો નથી. કમનીય કાન્તાની માફક કાવ્ય તેને પોતામાં પ્રેમ જન્માવે છે ને તે દ્વારા પાપિષ્ઠને પણ પુણ્ય પન્થે દોરે છે. મતકાવ્યની ઉપાસના કરવાથી પાપથી પાછા વળી સુકૃતમાં સંચર્યાના સેંકડો ઉદાહરણો છે. તેથી કાવ્યનું કાન્તા તુલ્ય સદુપદેશ એ પણ ફળ છે.

આ છએ ફળો કાવ્યપ્રકાશના કર્તા મમ્મટે કહ્યા છે. તેની કારિકા આ પ્રમાણે છે.

**'काव्यं यशसेऽर्थकृते,**
**व्यवहारविदे शिवेतरक्षतये,**
**सद्यः परिनिर्वृतये,**
**कान्तासम्मिततयोपदेशयुजे ॥'**

કલિકાલસર્વજ્ઞ ભગવાન્ હેમચન્દ્રસૂરિજી મહારાજ કાવ્યના ફળોનો વિવેક દર્શાવતાં કાવ્યાનુશાસનમાં જણાવે છે. **काव्यमानन्दाय यशसे कान्तातुल्यतयोपदेशाय च "**

( કાવ્ય આનન્દને માટે, યશને અર્થે અને સ્ત્રીસમાન થઈને ઉપદેશને માટે છે.)

કાવ્યથી આનન્દ એ કવિને અને કાવ્યના વાચકને એમ બન્નેને મળે છે. એ આનન્દ સાધારણ નહિં પણ અપૂર્વ હોય છે, જેને માટે કહ્યું છે કે—

**'सद्यो रसास्वादजन्मा निरस्तवेद्यान्तरा ब्रह्मास्वादसदृशी प्रीतिरानन्दः। इदं सर्वप्रयोजनोपनिषद्भूतं कविसहृदययोः काव्यप्रयोजनम्।'**

(રસના અનુભવ સાથે જ જન્મતી, જેમાં બીજા અનુભવો ભૂલી જવાય છે એવી બ્રહ્મના આસ્વાદ સમાન પ્રીતિ–સ્નેહ નામની લાગણી એ આનન્દ છે. સર્વ પ્રયોજનના સારભૂત આ કાવ્યનું પ્રયોજન કવિ અને સહૃદય બન્નેને નીપજે છે.)

યશ એ કાવ્યનું બીજું ફળ કવિને જ સંભવે છે. સિદ્ધસેન વગેરે કાવ્યદેહે અવિનશ્વર રહ્યા છે. કાન્તાની જેમ ઉપદેશ એ વાચકને ફળ છે. આગમ ગ્રંથો સ્વામીની જેમ આજ્ઞા કરે છે ને તેથી વાચક ડરે છે. અર્થશાસ્ત્ર–નીતિશાસ્ત્ર વગેરે મિત્ર તુલ્ય છે. તેનાથી વાચક સ્વાર્થ પૂરતો જ લાભ મેળવે છે પણ લલિતલલના જેવી કવિકૃતિ સહૃદયને છોડવી ગમતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. વાચક તેને હૃદયમાં જકડી રાખે છે. ધીરે ધીરે તેની સાથે એકમય થતો તેનો પ્રિય તેના સદુપદેશને અનુસરે છે. એ પ્રમાણે કાવ્યના આ ત્રણ ફળ છે. આ સિવાયના અન્ય ફળો અન્યથા સિદ્ધ-ઇતર સાધ્ય છે માટે ન માનવા એમ પ્રભુશ્રી હેમચન્દ્રાચાર્યનું કથન છે.

મહા કવિ વાગ્ભટ્ટ પોતાના કાવ્યાનુશાસનની ટીકામાં કવિસમયને અનુસરી પૂર્વે દર્શાવેલ ફળોને જણાવી પોતાનો વિચાર દર્શાવતાં જણાવે છે કે **' वयं तु कीर्तिमेवैकां काव्यहेतुतया मन्यामहे '** અમે તો એક કીર્તિને જ કાવ્યના ફળ તરીકે માનીએ છીએ. તેમનો આશય આ છે કે બાહ્ય આનન્દ-વિલાસ-પરિભોગ-ઉપભોગ આદિથી મળી શકે છે. અભ્યન્તર આનન્દ ધર્મપ્રાપ્તિ વગેરેથી થઈ શકે છે. રાગનો પરિહાર ઔષધથી થાય છે. ચાણાક્ય વગેરેના નીતિશાસ્ત્રના પરિશીલનથી અને અનુભવથી મળે છે. શાન્તિ તપ અને સમતાથી થાય છે. સદુપદેશ-સદ્ગુરુથી મળે છે. અને આ સર્વ કાવ્યથી થતું હોય તો પણ કોઇક વખત જ થાય છે; એકાન્ત તો થતું નથી માટે તેના ફળ તરીકે તે ગણાવવા ઉચિત નથી. કાવ્યથી કીર્તિ તો અવશ્ય થાય છે. ચિરસ્થાયિની કીર્તિના સર્જક બે છે. એક તો દેવમન્દિર જેવા મન્દિરો અને બીજું કાવ્ય. જે માટે કહ્યું છે કે ' નામ રહે કાં તો ગીતડે ને કાં તો ભીંતડે ' તેમાં ગીતડે રહેતું નામ લાંબા કાળ સુધી ટકે છે. ભીંતડે રહેતાં નામ તો ભીંતડા પડતાં ભૂંસાઈ જાય છે. જો ગીતડામાં ન ગુંથાયા હોય તો. જેની પુષ્ટિમાં કહ્યું છે કે—

**' अमरसदना-दिभ्यो भूता न कीर्तिरनश्वरी,**
**भवति यदसौ संपुषाऽपि प्रणश्यति तत्क्षये ।**
**तदलममलं काव्यं कर्तुं यतेन समाहितो,**
**जगति सकले व्यासादीनां विलोक्य परं यशः ॥**

દેવગૃહ જેવા ગૃહથી થતી કીર્તિ અવિનશ્વર નથી થતી, કારણ કે દિગન્ત ફેલાયેલી પુષ્ટ પણ તે તેના નાશે નાશ પામે છે માટે સકલ જ સંસારમાં વ્યાસ વગેરેના મહાયશને જોઇને સમર્થ નિર્દોષ કાવ્ય કરવાને સ્વસ્થપણે પ્રયત્ન કરવો જોઇએ.

એ પ્રમાણે કહી કવિશ્રેષ્ઠ વાગ્ભટ્ટ કીર્તિને જ કાવ્યના ફળ તરીકે ગણાવે છે.

એ પ્રમાણે કાવ્યના ફળ તરીકે પ્રાચીનોનું મન્તવ્ય જણાવ્યું. હવે નવીનો તે સમ્બન્ધમાં શું કહે છે તે હવે પછી વિચારીશું. ( ચાલુ. )

મુનિરાજ **શ્રી** ધુરન્ધરવિજયજી

# સંક્ષિપ્ત બોધવચનમાલા

લે. **આચાર્યશ્રી** વિજયપદ્મસૂરિ

( ગતાંક પૃષ્ઠ ૧૪૩ થી શરૂ. )

૪૧. નાના માણસો મોટા પુરુષોનું અનુકરણ કરે તે ન શોભે. શું કૂકડો મોરનું અનુકરણ કરે તે શોભે ? અર્થાત્ ન શોભે.

૪૨. સંસારમાં સ્ત્રી, ધન વગેરે પદાર્થોના નિમિત્તે જે સુખ અનુભવાય, તે પરાધીન છે, ક્ષણિક છે, વિવિધ પ્રકારની વિષયેચ્છાઓથી મલિન બનેલું છે, માટે જ તે ભયનું કારણ છે; છતાં ખરાબ બુદ્ધિવાળા મનુષ્યો તેવા સુખમાં પ્રેમ ધારણ કરે છે. પરંતુ યથાર્થ બુદ્ધિવાળા મનુષ્યો તો સ્વાધીન ( પરવસ્તુની અપેક્ષા વગરના ) આધ્યાત્મિક સુખનો અનુભવ કરવામાં મગ્ન રહે છે. કારણ કે આ સુખ નાશ પામતું નથી એટલે કાયમ રહે છે, ને અહીં ઇંદ્રિયોનું તલભાર પણ તોફાન ટકતું નથી, તથા તે (સુખ) નિર્ભય છે. આ રીતે આ સુખ-સાંસારિક સુખથી વિપરીત છે. કહ્યું છે કે-**पराधीनं शर्म क्षयि विषयकाङ्क्षौघमलिनं, भवे भीतिस्थानं तदपि कुमतिस्तत्र रमते ॥ बुधास्तु स्वाधीनेऽक्षयिणि करणौत्सुक्यरहिते । निलीना मोदन्ते विगलिमयाध्यात्मिकसुखे ॥ १ ॥**

૪૩. સામો માણસ જ્યારે ક્રોધ કરે, તે વખતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે જરૂર વિચારવું જોઇએ કે-તે માણસ મારામાં ભૂલ જોઇને ક્રોધ કરે છે કે ભૂલ નહિ છતાં પણ ક્રોધ કરે છે ? જો ભૂલ જોઇને ક્રોધ કરતો હોય તો આપણે આપણી ભૂલ સુધારીશું તો તે જરૂર ક્રોધ કરતાં અટકી જશે કારણ કે ક્રોધનું કારણ ભૂલ છે ને આપણામાં ભૂલ નથી છતાં તે ક્રોધ કરે ને સમજાવતાં સમજે નહિ તો પણ આપણે ક્રોધ કરવો એ વ્યાજબી નહિ, કારણ કે ક્રોધથી ચીકણાં કર્મ બંધાય. શું ધોબીની સામે ધોબી થવાય ? ન જ થવાય. આ બાબતમાં કહ્યું છે કે-**आक्रुष्टेन मतिमता तत्त्वार्थविचारणे मतिः कार्या ॥ यदि सत्यं किं कोपः ? स्यादनृतं किं नु कोपेन ? ॥ १ ॥**

૪૪. વિષય, કષાય, નારદવિદ્યા ( માંહોમાંહે લડાવી મારવાની પ્રવૃત્તિ ), કલેશ વગેરે દોષોને પરમ અશાંતિના કારણ સમજીને તે બધાનો જરૂર ત્યાગ કરવો જોઇએ જેથી પરમ શાંતિમય જીવન ગુજારી શકાય.

૪૫. પ્રત્યુપકારની ઇચ્છા ( ઉપકારનો બદલો લેવાની ઇચ્છા ) રાખ્યા વિના જ સામા માણસનું કામ કરવું, જેથી તે કદાચ કૃતઘ્ની નીવડે; તો પણ આપણને જરાએ મનમાં દુઃખ થાય જ નહિ; કારણ કે આપણે તો નિષ્કામ સેવા કરી છે.

૪૬. પાત્ર ( લાયક ) બનવા માટે નિઃસ્પૃહપણું ધારણ કરવું જ જોઇએ; કારણ કે તે તેનું કારણ છે. આ રીતે લાયક બનેલા જીવોને સર્વ સંપત્તિઓ મળે છે. કહ્યું છે કે-" **यथा यथाऽयं पुरुषो निःस्पृही भवति, तथा तथाऽस्य पात्रतया सकलाः संपदः संपद्यन्ते ॥** "

૪૭. પાત્રતા(લાયકાત)નો નાશ સંપત્તિની ઇચ્છા કરવાથી થાય છે. આવા અભિલાષી જીવોથી તે સંપત્તિઓ દૂર દૂર ભાગે છે.

૪૮. સાંસારિક પદાર્થોની ઉપર જે મમતાભાવ રહ્યો છે, તે જ મનની પીડાનું અને શરીરની પીડાનું મુખ્ય કારણ છે, એમ સમજીને નિર્મોહ દશાને ધારણ કરનારા ભવ્ય જીવો સ્વપ્ને પણ મનનું દુઃખ કે શરીરનું દુઃખ પામતા નથી.

૪૯. સામા માણસને સુખી જોઇને ઇર્ષ્યા તો કરવી જ નહિ. જો એ ધર્મના રસ્તે રહેલો હોય તો તો તેની ઉપર જરૂર રાગ થાય, પણ કદાચ તેમ ન હોય તો ઇર્ષ્યા તો ન જ કરી શકાય; કારણ કે ઇર્ષ્યા કરવાથી કંઇ સુખી થવાતું નથી. સુખી થવું એ પુણ્યાઇનું ફલ છે. તેવી પુણ્યાઇ મેળવનારા જીવો જરૂર સુખી થાય એમાં નવાઈ શી ?

૫૦. એક માણસ અનુગ્રહ બુદ્ધિએ શ્રોતાઓને ઉપદેશ દે, તેમાં કદાચ પ્રમાદાદિ કારણોને લઇને શ્રોતાઓને કદાચ ધર્મારાધનરૂપ લાભ ન થાય, તો પણ નિઃસ્પૃહભાવે પરોપકારદૃષ્ટિથી ઉપદેશ દેનાર જીવને તો જરૂર લાભ થાય. કહ્યું છે કે-**ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुरेकांततो लाभः ॥**

૫૧. હે જીવ ! જ્યાં સુધી આ તારું શરીર પીડાથી ઘેરાયું નથી, ને ઘડપણથી અશક્ત બન્યું નથી, તથા ઇંદ્રિયો પોતપોતાનું કામ કરી શકે છે, તેમજ આયુષ્ય હયાત છે ત્યાંસુધીમાં પરમ ઉલ્લાસથી મોક્ષમાર્ગની સાત્ત્વિકી આરાધના જરૂર કરી લેજે. જો નહિ કરે તો તારે જરૂર પસ્તાવું પડશે. જેમ તળાવ ફૂટયા પછી પાળ બાંધવી નકામી છે, તેમ જીવનદોરી તૂટવાની તૈયારી હોય ત્યારે ચેતવું એ તદ્દન નકામું છે.

૫૨. મજબૂત સંઘયણવાળા જીવોનો ભરોસો નથી, તો કેળની અંદરના ભાગ જેવા તુચ્છ શરીરને ધારણ કરનારા એવા તારા શરીરનો ભરોસો શો ? એમ સમજીને ક્ષણવાર પણ પ્રમાદનો સંગ ન કરવો ને ધર્મારાધન કરવા જરૂર પ્રયત્નશીલ થવું.

૫૩. કોઇ માણસ આપણી નિંદા કરે તો ચીડાઇ જવું નહિ પણ તેને ક્ષમાનું સાધન ને મિત્ર ગણવો, કારણ કે તે પોતાના સાબુ-પાણીથી આપણા મેલ ધોઇ નાંખે છે, એમ સમજવું. કહ્યું છે કે—

નિંદા અમારી જો કરે, મિત્ર અમારા સોય,
લઇ પોતાના સાબુ જલ, મેલ પરાયા ધોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૪. માયાવી આત્માઓ મોઢે મીઠું મીઠું બોલે છે ને મનમાં સામાનું બૂરૂં ચાહે છે. આવા માણસોથી જરૂર ચેતતા રહેવું,

મુખમેં રામ બગલમેં છુરી, ભગત ભલા પણ દાનત બૂરી.

૫૫. સત્તર પાંચ પંચાણું, બે મૂકયા છૂટના, લાવો પટેલ સોમાં બે ઓછા. આ રીતે કપટ કેળવીને ફોગ વસુ વેદ વગેરેનો પ્રયોગ કરીને અન્યાયથી લક્ષ્મી મેળવનારા જીવોએ જરૂર સમજવું જોઇએ કે છોકરા સ્ત્રી વગેરે ભાગીદાર થઇ શકે છે, પણ કૂડકપટ કરી લક્ષ્મી મેળવતાં ચીકણા કર્મ બાંધ્યા તેની પીડા ભોગવતાં તે સગાંઓમાંથી કોઇ પણ આપણા દુઃખનો ભાગ લઇ શકતા નથી. તે તો આપણે જ ભોગવવું પડે છે.

૫૬. પારકાની બૂરાઇ જોવા કરતાં પોતાની ખૂરાઇ પહેલાં તપાસવી તેમાં જ લાભ છે; કારણ કે–

બૂરા જગમેં કો નહિ, બૂરા અપના ખેલ;
ખેલ અપના સુધાર લે, તે ગલીએ ગલીએ રહેલ.

એક બીજાના દોષ જોનારને કેવલ નુકશાન જ છે, પોતાના દોષ જોઇ સુધારનારા ભવ્ય જીવો પોતાનું જીવન નિર્મલ બનાવી સ્વપર તારક બની શકે છે.

૫૭. કોઈમાં કોઇ પણ ગુણ દેખાય, તો તે જોઇ રાજી થવું ને તે ગુણ ગ્રહણ કરવો એ ગુણદષ્ટિ કહેવાય. ગુણદષ્ટિવાળા જીવો સમતામય નિર્મલ જીવન ગુજારે છે. દોષ દષ્ટિવાળા જીવોને જોઇ રાગ તો થાય જ નહિ, પણ તેવા પ્રસંગે માધ્યસ્થ્ય ભાવ ધારણ કરવો એ વધારે ઉચિત છે.

૫૮. વ્યવહારથી નીચ છતાં જો તે ગુણને ગ્રહણ કરે તો તેને ખેદ કરવા જેવું કંઇ છે જ નહિ. આ વાત એક કવિએ અન્યોકિતથી આ રીતે સમજાવી છે–**अत्यंत नीचोऽस्मीति त्वं खेदं कूप ! मा कदापि कृथाः ॥ अत्यंतसरसहृदयो, यतः परेषां गुणगृहीताऽसि ॥ १ ॥**

૫૯. જ્યાં દાન ગુણ હોય ત્યાં બીજાઓ જાય છે, કારણ કે જેનો હાથ પોલો તેનો જગત આખું ગોલો. કંજુસ માણસો બાવળ જેવા હોય છે, તેમની પાસે કોણ જાય ? એક કવિએ આ બાબતમાં અન્યોકિત દ્વારા કહ્યું છે કે–**पत्रफलपुष्पलक्ष्म्या, कदाऽप्यदृष्टं वृतं च खलु शूकैः ॥ उपसर्पेम भवंतं बर्बर ! वद कस्य लोभेन ? ॥ १ ॥**

અર્થ–હે બાવળ ! તારામાં પાંદડાં–ફલ–ફૂલ કયારે પણ દેખાતા નથી, અને કેવલ શૂળો ભરેલી છે, તો પછી તું કહે કે અમે કયા લોભથી તારી પાસે આવીએ ?

૬૦. ગુરુની કઠોર અક્ષરવાળી વાણીવડે તિરસ્કાર પામેલા સહનશીલ શિષ્યો જરૂર મોટા થઇ શકે છે. જેમ શરાણથી ઘસાયેલા મણિરત્નો જ રાજાના મુકુટમાં ગોઠવાયા છે. કહ્યું છે કે **गीर्भिर्गुरूणां परुषा क्षराभिस्तिरस्कृता यांति नरा महत्त्वं ॥ अलब्धशाणोत्कषणानृपाणां,न जातु मौलौ मणयो विशन्ति ॥ १ ॥**

---

# આત્મધ્યાની અનાથી મુનિ

લેખક-મુનિ મહારાજશ્રી લક્ષ્મીસાગરજી અમદાવાદ

રાજગૃહી નગરીના મંડિતકુક્ષી ઉદ્યાનમાં એકાંતે એક વિશાળ વૃક્ષ નીચે કોઈ મહામુનિ આત્મધ્યાન કરી રહ્યા છે. ત્યાં મગધેશ શ્રેણિક રાજા રયવાડીએ ફરતા અચાનક આવી ચઢયા. શાન્ત સૌમ્ય મુનિ મહારાજનું અદ્ભૂત રૂપ, સુંદરાકૃતિ, મનહર મુખારવિંદ અને આકર્ષક અન્યાન્ય અંગોને જોઇ તે રાજા આશ્ચર્ય પામી મુનિશ્રીને પ્રશ્ન કરે છે–આપનું નામ શું છે ? આપ આ ભરયુવાવસ્થામાં સંસારત્યાગ કરી શા માટે આવા કષ્ટ સહન કરી રહ્યા છો ? આપની કાયા આવા દુષ્કર યોગને લાયક નહિ પણ ભોગને લાયક છે. તમારા આ કષ્ટ જીવનને જોઇ તમારા પ્રતિ પ્રેમથી આકર્ષાયેલું મારું હૃદય અત્યંત સહાનુભૂતિથી પ્રેરાય છે. શ્રી શ્રેણિકના આવા લાગણીભર્યા પ્રશ્નના જવાબમાં કાંઇક મહાન હિત સમજીને મુનિશ્રીએ મૌનનો ત્યાગ કરી બોલવા માંડયું–હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અનાથી,** નાથવાન થવાની ખાતર મેં સાધુધર્મ સ્વીકાર્યો છે. મને આશા છે કે મારા સંયમ કષ્ટો મને નાથવાન બનાવશે. રાજા કહે છે–આપ અનાથ છો તો હું તમારો નાથ થઇ તમને સનાથ બનાવું. મારી પાસે પુષ્કળ ધન, ધાન્ય, જમીન, જાગીર ને રાજ્યવૈભવ છે. જોઇતું તેમાંથી લ્યો. હું તમારું રક્ષણ કરીશ અને આ રીતે તમો સનાથ બનો.

**હે રાજન્!** રાજવૈભવ અને તમારું શરીર જ નાશવંત છે. તેની પ્રાપ્તિ ને રક્ષણ તમારા હાથમાં ન હોવાથી તમો પોતે પણ અનાથ જ છો, તો પછી મને સનાથ કયાંથી કરી શકો ? મારે ત્યાં પણ ધનવૈભવની કંઇ પણ કમી ન હતી, છતાં હું અનાથ કેમ હતો તે સાંભળો.

**કૌસંબી** નગરીમાં મારો પિતા પુષ્કળ ધન વૈભવશાળી છે. હું તેમનો એકનો એક પુત્ર હતો. એક દિવસે મારી આંખમાં વેદના ઉત્પન્ન થઇ. સર્વ શરીરમાં ઉષ્ણુતા વ્યાપી. તે વેદનાને હું સહન કરી શકયો નહિ. મારા માતાપિતા અને મારી પ્રાણાધીન પત્ની મારી દુ:ખી સ્થિતિ જોઇ ખૂબ રડી રહ્યાં હતાં છતાં મારી વેદનાને તેઓ લઇ શકયા નહિ. મારી પત્નીએ રડી રડી રાત્રિ વીતાવી, ખાવા પીવાનું ભૂલી જઇ મારી સારવારમાં રોકાઇ છતાં મને શાંતિ આપી શકી નહિં. અનેક રાજવૈદ્યોને મારા પિતાએ બોલાવી અનેક ઉપચારો કર્યાં. ઠંડક ઉત્પન્ન કરવા માટે બાવનાચંદનના વારંવાર લેપ કરવામાં આવેલ છતાં મને જરા પણ શાંતિ વળી નહિં. તે વખતે હું વિચારસરણીએ ચઢયો. આ જગતમાં કોઇ કોઇનું નથી. સર્વ દેખાતી વસ્તુઓ નાશવંત છે. શરીર, ધન, વૈભવ, આત્માને શાંતિ આપવામાં સમર્થ થતાં નથી. તેની પાછળ જીવન વેડફી નાખવું એ ગાંડપણ છે. તેની પાછળ રાચીમાચીને રહેવું એ આત્માનું અધ:પતન છે. નશ્વર વસ્તુના મોહમાં મુંઝાઇ આત્મા સ્વકર્ત્તવ્યને ભૂલે છે. દેવતાઇ સુખો છતાં આત્મા અસહાય બને છે, તેથી હું અનાથ છું. ફક્ત જિનેશ્વરે ભાખેલો દયામય ધર્મ એ જ પરમ સ્વતંત્રતા અપાવનાર હોઇ અન્ય કોઇ પણ સહાયક નથી. જો મારી વેદના શાંત થાય તો જરૂર આ સર્વ સંસાર સબંધોનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરીશ.

સંયમના શ્રેષ્ઠ માર્ગે પ્રયાણ કરું એ શુભાશયથી આશાતા વેદનીયનો ક્ષયોપશમ થતાં મારી સર્વ વેદના શમી ગઇ.

પ્રાત:કાળ થતાં મારા પિતા, પત્ની અને સ્વજન સંબંધીઓને સમજાવી, તેમની અનુજ્ઞા લઈ હર્ષભેર દીક્ષા અંગીકાર કરી. અરણ્યમાં પણ શાંતિપૂર્વક આત્મસાધન કરતાં જે મને આનંદ થાય છે, તેવો કદી પણ વૈભવપૂર્ણ સંસાર જીવનમાં મળ્યો નથી. સાચું સુખ આત્મજીવનમાં છે. સર્વ પ્રકારની ઇચ્છાઓનો ત્યાગ કરી, નિ:સ્પૃહી બની, અહંકાર અને મમતાનો ત્યાગ કરનારને સાચું સુખ મળે છે. હું સંયમ જીવનથી સુખ અનુભવું છું અને વધારે વધારે સનાથ બનવા પ્રયત્ન આદરી રહ્યો છું. આપ સમજશો કે શા માટે મેં મારું નામ **અનાથી મુનિ** રાખેલ છે.

રાજા શ્રેણિક મુનિ મહાત્માની અનુભૂત આત્મા કથા સાંભળી ખૂબ આનંદિત થયો. તેને મુનિ તરફ શુદ્ધ પ્રેમ પ્રગટ્યો અને ગુણાનુરાગ જાગૃત થતાં સમક્તિપ્રાપ્તિ થઇ. શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મ પ્રત્યે શુદ્ધ ભાવના દઢપણે થતાં આત્મા સમક્તિ પામે છે, તે દ્વારા આત્મશ્રેય કરે છે. શ્રેણિક રાજાએ મુનિ મહાત્માની ગુણસ્તવના કરી સમક્તિની પ્રાપ્તિ દ્વારા શ્રેયને સાધ્યું અને પોતાનું જીવન કૃતાર્થ કર્યું.

---

# મદનો શિકાર.

**समयं मा पमाए**

( ગતાંક પૃષ્ઠ ૧૬૯ થી શરૂ. )

( ૩ )

ભો કપિલ, ત્યાં પણ ધર્મ છે અને અહીં પણ ધર્મ છે. જ્ઞાની ભગવંતો કહે છે કે આટલા નાન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કડા વાકયે મરિચીના જીવનનું સત્યાનાશ વાળી દીધું! આમાં લેશમાત્ર અતિશયોક્તિ નથી જ. એ જ મરિચીના જીવે ખુદ મહાવીરના ભવમાં આ વાત સ્વયં સ્વીકારી એટલું જ નહીં, પણ એવું પુનઃ અન્ય આત્માઓથી ન બનવા પામે એ સારુ પોતાના પટ્ટશિષ્યને ઉદ્દેશી, ડિંડિમનાદે જણાવ્યું કે—

**समयं मा पमाए** અર્થાત્ સમયમાત્ર પ્રમાદ કરીશ નહીં. ઉપલક દ્રષ્ટિયે નિહાળતાં વાકયમાં નથી જણાતી આંટીઘુંટી કે નથી તો દેખાતો પોતાના મતનો આગ્રહ! ઘડીભર એમ પણ લાગે કે સમાન નજર રાખી ઉભયમાં ધર્મ દાખવી, નિ:પક્ષપાતપણું બતાવ્યું!

પણ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારતાં આ કથનમાં ભારી દોષ સમાયેલો છે એમ હરકોઇને કબૂલ કર્યા વિના ચાલે તેમ નથી જ. સુવર્ણ સાથે પિત્તળની સરખામણી કરવી કે આંબા સાથે લીમડાની તુલના કરવી એ જેમ મૂર્ખાઇભરી વાત છે તેમ અહીં પણ બન્યું છે. કયાં નિવૃત્તિપ્રધાન વીતરાગ દર્શન અને કયાં પ્રવૃત્તિપ્રધાન, આરંભ–સમારંભભર્યો ત્રિદંડી વેશ! ઉભયમાં ઘોડા–ગધેડા જેટલું અંતર! અરે ઉભયના પરિણામ જ જૂદા! પ્રાજ્ઞ એની તુલનામાં હાથ જ ન નાંખે. આવા પ્રસંગે બન્નેમાં 'ધર્મ' છે એમ કહી નાંખવું એ બાલિશતા છે અને એ સાથે એક સાચી વસ્તુને બીજી ખોટી વસ્તુ સાથે સરખાવી એના મૂલ્યને ઉતારી પાડનારી ઉતાવળ પણ છે. એવી રીતે 'ગોળ–ખોળ'ને એક વદનાર 'ટકે શેર ખાજા અને ટકે શેર ભાજી' વાળા ગંડુરાજાની ઉપમા ઘટે! એ અંધેરી નગરીની કવિતા લગભગ જૂની પેઢીના દરેક ગુજરાતીના મગજમાં તાજી જ હશે. સમજુ પુરુષો એવા રાજાના રાજ્યમાં વસવાનું પસંદ ન જ કરે અને જે કોઈ રહ્યા એને કેવી કપરી કસોટીમાંથી પસાર થવું પડયું એ અહીં વર્ણવવાની જરૂર નથી. જ્યાં વસ્તુ પરત્વેનો વિવેક અભરાઇ પર ચઢાવાય, પદાર્થના સાચા મૂલ્યાંકન ન થાય, ત્યાં જિંદગી હોડમાં મૂકવાની પળ આવે!

ભવ બગડવાનો પ્રસંગ ઊભો થાય! ધર્મ એ તો એક બે ભવનો પ્રશ્ન નહીં પણ ભવોભવનો પ્રશ્ન–એમાં જે ધાલમેલ કરવામાં આવે–ઊંધા ચત્તા પાટા બંધાવાય એ તો ચોરાશીના ચક્કરમાં હડસેલી મૂકે અને તે પણ સંખ્યાબંધ આત્માઓને! બાળ જીવો અને મધ્યમ આત્માઓ તો શ્રદ્ધાના જોર પર જીવતા હોય છે. ગુરુ પરનો પ્રેમ એમને તત્ત્વની ઊંડી વિચારણામાં અવગાહન કરવા દેતો નથી કિંવા એ અંગે જોઇતી ઉલટ યા સમજશક્તિના અભાવે તેઓ એમાં પડતાં નથી! મીયાંના ચાંદે ચાંદ જેવું એમનું આચરણ હોય છે. એટલે ગુરુની ભૂલ, ગુરુને તો પાડે છે પણ એ સાથે એ ગુરુના ભરોસે રહેનાર આ પ્રકારના સંખ્યાબંધ ભકતોના જીવન પણ ખારા બનાવે છે. ધર્મના ઓથા હેઠળ અધર્મનું પાન કરાવી એમણે ભવભ્રમણના વમલમાં હડસેલી મૂકે છે. આ જાતનો પ્રમાદ નાનોસૂનો ન લેખાય. એક જ ભૂલ અને ખેલ ખલાસ તે આનું નામ. 'રજનું ગજ' તે આનું નામ. ઝેરનું એકાદ ટીપું પણ પ્રાણ હરણ કરનાર નિવડે છે એ કોણ નથી જાણતું? એ જ સ્થિતિ ઉત્સૂત્રપરૂપણા અંગે નિર્દિષ્ટ કરાયેલી છે. પ્રવચન એવું હોવું જોઇએ કે જેથી હજારો આત્માઓ બોધ પામે અને સન્માર્ગે ચઢી આત્મકલ્યાણ સાધે. કદાચ આત્માઓમાં દુર્લભબોધીપણાથી એ જાતનો રંગ ન બેસે તો વાંધો નહીં. પ્રવચનકારને તો જરૂર લાભ થાય છે જ; પણ જે જાતના પ્રવચનથી આત્માઓના કલ્યાણને બદલે કેવળ પતન અને અધઃપતનના શ્રી ગણેશાય થતાં હોય કિંવા જેના દ્વારા કેવલ ઉન્માર્ગના આંધણ મૂકાતા હોય ત્યાં સાચો સંત હરગીજ પુરુષાર્થ ન કરે, મૌન રહેવાનું પસંદ કરે. કદાચ શરૂઆત કરી હોય તો, ત્યાંથી પાછો ફરે. ઉત્સૂત્રપ્રરૂપણા એ તો ભવોભવના ફેરા વધારવાની અતિ દારૂણ માયાજાળ. એમાં ફસાયા પછી છૂટવાના ફાંફાં! એક ભવના મૃત્યુથી પણ એનો છેડો ન છૂટે! એ તો પથ્થરની નાવ જેવી ચીજ! એ નાવ પોતે ડૂબે અને આશ્રય લેનારને પણ ડૂબાડે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી તો આ ભયંકર બાબત સામે ઉત્સૂત્ર પ્રરૂપણા માટે જ્ઞાની ભગવંતો લાલબત્તી ધરતા જ આવ્યા છે. સંખ્યાબંધ કે એકાદ જીવ ધર્મ ન પામે તો ચિંતા નહીં, પણ એ અધર્મ ન પામે એ ખાસ તકેદારી ઉપદેશકે રાખવી એમ થાળી પીટીને કહેતા આવ્યા છે. એટલે જ મરિચીના આ વચને એટલી હદે સંસારભ્રમણ વધારી મૂક્યું કે જે ગાળામાં બીજા બાવીશ તીર્થંકરો આ ભૂમિ ઉપર થઇ ગયા. કાંઠે આવેલું નાવ ભરદરિયે ધકેલાઇ ગયું! જે આત્મા શ્રી ઋષભદેવ પ્રથમ તીર્થપતિના સમયમાં સાધુધર્મ સ્વીકારી ગણત્રીના વર્ષોમાં મુક્તિ લલનાનો ભોક્તા બની જાત, એ પ્રમાદના સપાટામાં એટલી હદે ગબડી પડ્યો કે શિવસુંદરીની સેજ ત્રીજા આરામાં તો અસંભવિત બની! પણ એ પહેલાં મહાશય મરિચીના જીવને સાતમી નરકના દ્વાર જોવા પડ્યા! બીજી નરકોમાં પણ આંટા મારવા પડ્યા! પોતે કેવલ સગવડ અર્થે, પોતાની નબળાઇ અંગે-ધારણ કરેલ ત્રિદંડી વેશમાં ભવો વીતાવવા પડ્યા! અને એ અંગે ભેગી થયેલી મૂર્છા-વાસના કે લાલસારૂપી ચીકાશ દૂર કરવા સારૂ સંખ્યાબંધ વર્ષોના આકરા તપ આદરવા પડ્યા! માંડ ચોથા આરાના પ્રાંત-ભાગે મુક્તિ રમણીનો આવાસ ભાળ્યો અને તે પણ એકલા અને અટુલા તરીકે!

આ બધા માટે જવાબદાર જો કોઇપણ હોય તો તે પેલો પ્રમાદ! ચેલાની આકાંક્ષામાં સત્ય ભૂલાયું. ત્રિદંડીવેશ એ તો પોતીકી નબળાઇને લીધે કલ્પેલી વસ્તુ માત્ર છે એ વાત જ એને ભૂલાવી દીધી! એમાં ધર્મ નહોતો પણ પ્રભુ શ્રી યુગાદિના માર્ગમાં જ ધર્મ હતો. એમના શ્રમણાશ્રમણો જે જીવન જીવતા એ જ સાચું હતું અને તેથી પોતે જેમને બોધ પમાડતા એ સર્વને અત્યારસુધી ત્યાં મોકલી આપતા. એ બધુંયે વિસ્મરણ કરાવી દઇ, કપિલના પ્રશ્નના જવાબમાં 'નરો વા કુંજરો વા' જેવું અર્ધું સાચું અને અર્ધું ખોટું વચન ઉચ્ચરાવી દીધું!

'અહીં પણ ધર્મ છે' એ સાંભળતાં જ કપિલે શિષ્યપણું સ્વીકારી લીધું. મરિચીએ જાણ્યું કે શુશ્રુષા કરનારો ચેલો મળ્યો. ચેલાએ જાણ્યું કે પોતે જે બીજ રોપવા માંગે છે એને એક પ્રતિષ્ઠ સંપન્ન વ્યક્તિની મહોરછાપ મળી! કપિલને સાચા ધર્મની પડી જ નહોતી. એણે તો સ્વમંતવ્ય વિસ્તારવાની તમન્ના હતી; જે જુદી જુદી વિચારશ્રેણીદ્વારા વહેતી મૂકી. આ રીતે એક નવો મત નિકળ્યો. (ચાલુ)

લેખક-**ચોકસી**

# જીવનની પ્રયોગશાળા

અનુ.—'**અભ્યાસી**'

પ્રત્યેક મનુષ્યે પોતાના જીવનને એક પ્રયોગશાળા માનવી જોઇએ. એમાં તેને અનેક પ્રકારના અનુભવ થાય છે. એ અનુભવોનો કોઇ મૌલિક સિદ્ધાંતો સમજવામાં ઉપયોગ કરવો જોઇએ. જે માણસ મનુષ્ય-જીવનના અનુભવોને તત્ત્વદર્શન માટે ઉપયોગમાં નથી લેતો તે બાલબુદ્ધિ ગણાય છે. સંસારના અનુભવ આપણને કેટલીક સ્થાયી શિખામણ આપે છે. આપણે તે અનુભવો તરફ દૃષ્ટિ ન રાખતા તે શિખામણ તરફ દૃષ્ટિ રાખવી જોઇએ. સંસારના સઘળા મનુષ્યો સુખ તથા દુઃખનો અનુભવ કરે છે. એ રીતે તેઓ આખું જીવન કોઇપણ જાતની શિખામણ મેળવ્યા વગર જ વીતાવી દે છે, અર્થાત્ એ મૃત્યુ પર્યંત બાળક જેવી સ્થિતિમાં જ રહે છે. કેટલાય મનુષ્યોને ત્યારે જ જીવનના અનુભવોનું સત્ય સમજાય છે કે જ્યારે તેઓના જીવનનો સારભાગ નીકળી જાય છે અને તેઓ તેનો કંઇપણ ઉપયોગ નથી કરતા. જેવી રીતે જર્મનીના સુવિખ્યાત તત્ત્વવેત્તા શોપનહોરે બતાવ્યું છે કે મનુષ્યનો અનુભવ જ્યાંસુધી જ્ઞાનના રૂપમાં પરિણત થાય છે ત્યાંસુધી જીવનનો સારભાગ નીકળી જાય છે. ( When experience repens to wisdom, the rind of life is gone ). તેથી જે વ્યક્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃદ્ધાવસ્થા આવ્યા પહેલાં જ જ્ઞાનોન્મુખ થઈ જાય છે તે જ ધન્ય છે.

જ્યારે મનુષ્ય પોતાના કોઈ પ્રકારના અનુભવોથી કોઈ સિદ્ધાંત પર પહોંચી જાય છે ત્યારે સંસારના લાભની ખાતર સૌની સમક્ષ તે રાખવો જોઇએ. જે મનુષ્યની એવી બુદ્ધિ હોય છે કે મારાં દુઃખોથી બીજાને લાભ થાય તે દુઃખમાં રહીને પણ કદાપિ ઉદ્વિગ્ન થતો નથી. વાસ્તવિક રીતે જીવનનું પ્રથમ અને મૌલિક સત્ય એ છે કે-સૌ કોઇ પણ વ્યક્તિ પોતાના જ સુખની ચિંતા કરે છે તો તે કદિ પણ સુખી રહી શકતો નથી. એક અંગ્રેજ લેખકે કહ્યું છે તેમ સાચું સુખ બીજાને સુખી બનાવવાથી જ પ્રાપ્ત કરી શકાય છે. મનુષ્યે પોતાની જીવનની ઘટનાઓ તરફ હમેશાં સાક્ષીભાવ રાખવો જોઇએ. ઘટનાઓનો કોઇ ચોક્કસ પ્રકાર ઘટિત કરવાનું મનુષ્યના હાથમાં નથી અને જે મનુષ્ય બાહ્ય ઘટનાઓ પર પોતાનાં સુખને નિર્ભર કરી દે છે તે હંમેશાં દુઃખી જ રહે છે. એ ઘટનાઓ પ્રત્યે પોતાનો કેવો ભાવ રાખવો એટલું જ મનુષ્યના હાથમાં છે. પોતાની રૂખ પ્રમાણે જ મનુષ્ય કોઇ ઘટનાથી માનસિક કલેશ અથવા પ્રસન્નતા પ્રાપ્ત કરે છે અને જે મનુષ્ય ઘટનાઓ પ્રત્યે સંપૂર્ણ સાક્ષીભાવ રાખે છે તે સઘળી જાતની ઘટનાઓમાં શાંતચિત્ત રહે છે.

કેટલાય લોકો અંધ બનીને ધનની પાછળ પડી જાય છે અને કેટલાય લોકો પદ-લોલુપતામાં પોતાની જાતને ગુમાવે છે. જ્યારે મનુષ્ય કોઇ પ્રકારના વ્યવસાયમાં લાગી જાય છે ત્યારે તેનામાં આત્મનિરીક્ષણની શકિત નથી રહેતી. એ રીતે તે અનેક માનસિક કષ્ટ ભોગવ્યા કરે છે અને તેનાથી મુક્ત થવા અસમર્થ રહે છે. આવા મનુષ્યો પોતાના માનસિક કલેશોનું કારણ પોતાની અંદર શોધવાને બદલે બાહ્ય જગતમાં શોધે છે. તે પોતાના દોષો શોધી કાઢીને તેનું નિવારણ કરવાને બદલે બીજામાં દોષો શોધે છે, પોતાના માનસિક દુઃખો માટે બીજાને જવાબદાર બનાવે છે; પરંતુ તે રીતે તેના દુઃખોનો નાશ ન થતાં દિવસાનુદિવસ તેની વૃદ્ધિ થાય છે. આધુનિક મનોવિજ્ઞાને મનુષ્યોની આ જાતની મનોવૃત્તિનો સારી રીતે અભ્યાસ કર્યો છે. એ પ્રવૃત્તિને આરોપ (Introjection)ની પ્રવૃત્તિ કહેવામાં આવે છે.

જ્યારે આપણું મન વધારે વિક્ષિપ્ત હોય ત્યારે આપણે બાહ્ય જગતની ચિંતા તજી દેવી જોઈએ અને પોતાની ઉપર જ વિચાર કરવો જોઈએ. સંસારની કોઇ પણ પરિસ્થિતિ સ્થાયી નથી 'એ પણ નહિ રહે' એ વિચારનો અભ્યાસ કરવો યોગ્ય છે. પ્રત્યેક પરિસ્થિતિ પરિવર્તનશીલ છે તો પછી ઉદ્વિગ્ન બનવું કે રહેવું એ મૂર્ખતા છે. માણસ ઉદ્વિગ્નતાથી પોતાની જાતને નુકશાન જ કરે છે, તેનાથી તેને કશો લાભ થતો નથી.

હમણાંની જ વાત છે કે કોઇ લેખકનું મન કોઇ પ્રકારની ઘટનાઓથી ક્ષુબ્ધ થઇ ગયું અને એ સ્થિતિ કેટલોક સમય રહી. એ સ્થિતિમાં તેને ન નિદ્રા સારી આવતી, ન સ્વપ્ના સારા આવતા. એ દિવસોમાં પોતાના એક બૌદ્ધ ભિક્ષુક મિત્રને મળવાનો સુયોગ થયો. તેની સાથે બૌદ્ધધર્મની પ્રશંસિત મૈત્રી ભાવના ઉપર વાતચીત થઇ. તેણે વાતવાતમાં કહ્યું કે પોતાના એક પરિચિત માણસને સૂતા પછી ઘણા જ ખરાબ સ્વપ્ન આવ્યા કરતા હતા. તે માણસ એ સ્વપ્નોથી એટલો બધો તંગ થઇ ગયો કે તે સૂવાથી જ ડરવા લાગ્યો. એ મહાશયને મૈત્રી ભાવનાનો અભ્યાસ કરવાનું કહેવામાં આવ્યું. એ અભ્યાસ કરતાવેંત તેનાં સઘળા ખરાબ સ્વપ્નો નષ્ટ થઇ ગયા અને તેને સુખે નિદ્રા આવવા લાગી.

પેલા લેખકને જે વખતે ઉપર્યુક્ત બધી વાત કહેવામાં આવી ત્યારે તેનું ચિત્ત શાંત થઇ ગયું. મૈત્રી ભાવનાનો એક વિશેષ ગુણ એ છે કે જ્યાં સુધી મનુષ્ય એ ભાવનાથી ભાવિત રહે છે ત્યાંસુધી કોઇ પણ મનુષ્ય તેને કોઇ જાતની હાનિ પહોંચાડી શકતો નથી. સૌ માણસો તેના હિતચિંતક બની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે અને જેઓ હાનિ પહોંચાડવા ઇચ્છે છે તેઓને હાનિ પહોંચાડવાની તક જ નથી મળતી. જે વખતે આ જાતનો વિચાર મનમાં આવે છે ત્યારે નિર્ભીકતાનો અનુભવ થાય છે. વિચારોમાં તે વખતે એક વિશેષ પરિવર્તન થઇ જાય છે અને પરિસ્થિતિઓ તરફ રૂખ જ બદલાઇ જાય છે.

જ્યારે મનુષ્ય એવો દૃઢ નિશ્ચય કરી લે છે કે, સંસારમાં પોતાની જાત સિવાય કોઇ તેનું બગાડી શકતું જ નથી; ત્યારે તેનું આખું જીવન આનંદમય થઇ જાય છે અને સાચી વાત પણ એ જ છે. જે વખતે આપણામાં કોઇ દોષ આવી જાય છે તે વખતે એ દોષનાં પરિણામોથી આપણને કોઇ બચાવી નથી શકતું; અને આપણામાં સદ્ગુણ હશે તો આપણી કિંમત એક સ્થળે નહિ તો બીજે સ્થળે જરૂર થશે. ક્યાંય ને ક્યાંય આપણી મૌલિકતા જરૂર જણાશે જ. માણસોએ દુઃખોથી ભાગવું ન જોઇએ, તેનો ભોગ કરવો જોઇએ. કઠિન પરિસ્થિતિથી ભાગવું એ ઉચિત નથી, તેને ભોગવવી એ જ ઉચિત છે. કઠિન પરિસ્થિતિઓ પાછળથી સરળ થઇ જાય છે. દુઃખ આપનારી ઘટનાઓ પાછળથી સુખનું કારણ બની જાય છે. જે મનુષ્યે પોતાનાં જીવનનું લક્ષ્ય પરોપકાર જ બનાવ્યું હોય છે તેને કોઇપણ પરિસ્થિતિ લક્ષ્યભ્રષ્ટ કરી શકતી નથી. જો તેને કઠિન પરિસ્થિતિ સાથે લડવું પડે છે તો તેનાથી સંસારનું કલ્યાણ જ થાય છે. પરિસ્થિતિઓ ઉપર તેનો વિજય થયેલો જોઇને બીજા લોકોને પોતાની સામે આવનારી પરિસ્થિતિ સાથે લડવામાં પ્રોત્સાહન મળે છે. એ રીતે મહાપુરુષોનું જીવન બીજાને માટે શિક્ષાનું સાધન થઇ પડે છે. જીવનને એક પ્રયોગશાળા માનવી જોઇએ. એના બાહ્ય લાભ કે હાનિમાં મનને ન ફસાવતાં તેનાથી જ્ઞાન મેળવવું જોઇએ અને એ જ્ઞાનનું સંસારનાં લોકોમાં વિતરણ કરવું જોઇએ. એ રીતે આપણે સુખી રહી શકીએ છીએ.

इत्यलम्.

# વર્તમાન સમાચાર.

## આનંદદાયક સમાચાર.

અમારી સભાના લાઇફ મેમ્બર રા. રા. શેઠશ્રી **જીવતલાલભાઇ** પ્રતાપશી રાંધનપુરવાળાને નામદાર સરકાર તરફથી **રાવ બહાદુર**નો ઇલ્કાબ મળ્યો છે, જે માટે સભા પોતાનો આનંદ જાહેર કરે છે.

## પંજાબ સમાચાર.

લુધીયાનામાં આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની તબીયત હવે સારી છે.

આચાર્યશ્રીજીની તન્દુરસ્તી માટે શાસનદેવની પ્રાર્થના સાથે **આયંબીલ**ની તપશ્ચર્યા અને સ્નાત્રપૂજા ભણાવવામાં આવી હતી.

## જયંતિ.

જેઠ સુદિ આઠમે સ્વર્ગવાસી શ્રી ગુરુદેવ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી મદ્વિજયાનંદસૂરીશ્વર (આત્મારામજી) મહારાજની સ્વર્ગ જયંતી સમારોહપૂર્વક ઉજવવામાં આવી.

આચાર્ય શ્રી લલિતસૂરિજી મહારાજે તથા પંન્યાસ શ્રી સમુદ્રવિજયજી મહારાજે તથા પંડિતજી શ્રી હંસરાજજી શાસ્ત્રીએ જયંતીનાયકનું જીવનચરિત્ર સંભળાવ્યું હતું. આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે સામાન્ય વિવેચન કરી દર રવિવારે પં. હંસરાજ શાસ્ત્રી આદિની ભાષણશ્રેણી રાખવા ભલામણ કરી હતી.

૧૨ાા વાગે વરઘોડાની સાથે શ્રી આચાર્યદેવ શિષ્યમંડળી સહિત આજેજ પહેલવહેલા બન્ને દહેરાસરના દર્શનાર્થે પધાર્યા હતા; શ્રી પાર્શ્વનાથ ભગવાનની પૂજાભણાવવામાં આવી હતી.

## શ્રી આત્મારામજી (શ્રી વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજની મુંબઇમાં ઉજવાએલી જયંતી.

મુંબઇ શ્રી. આત્માનંદ જૈન સભા તેમજ શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના આશરા હેઠળ પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજની જયંતી શ્રી. ગોડીજી મહારાજના ઉપાશ્રયે, જેઠ સુદ ૮ રાત્રિના ૯ કલાકે શ્રીયુત્ મોતીચંદ ગિરધરલાલ કાપડીયાના પ્રમુખસ્થાને ઉજવવામાં આવી હતી. પ્રથમ પ્રમુખશ્રીએ આજના જયંતી-નાયક સંબંધી વિવેચન કર્યા બાદ શ્રી. ભોગીલાલ કવિએ જીવન સંબંધી વર્ણન કરી આનંદ આપ્યો હતો. શ્રી. મોહનલાલ ચોકસી, શાહ વાડીલાલ જેઠા-લાલના પ્રાસંગિક વિવેચનો થયા હતા. વીલા–પારલામાં પં. શ્રી પ્રીતિવિજયજી મહારાજના પ્રમુખસ્થાને પણ જયંતી ઉજવાઇ હતી.

## આચાર્ય મહારાજશ્રી બુદ્ધિસાગરજી મહારાજની વીશમી જયંતિ.

જેઠ વદી ૩ ના રોજ મુનિશ્રી સિદ્ધિમુનિજીનાં પ્રમુખપણા નીચે અમદાવાદ આંબલી પોળના ઉપાશ્રયે મુનિશ્રી હેમેન્દ્રસાગરજી, મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ આદિ ઠાણા ચાર ત્યાં ચાતુર્માસ બિરાજમાન હોવાથી ગુરુમહારાજની જયંતિ ઉજવવામાં આવી હતી. મુનિશ્રી હેમેન્દ્રસાગરજી તથા મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજે ગુરુશ્રીનાં જીવન ઉપર તેમના રચેલ સાહિત્ય ઉપર સુંદર વિવેચન કર્યું હતું.

## શ્રીયુત દામોદરદાસ દીયાળજી દોશીનો સ્વર્ગવાસ.

વડીલ દામોદરદાસ ૮૫ વર્ષની વૃદ્ધવયે વરતેજ ગામમાં થોડા દિવસની બિમારી ભોગવી આ માસની જેઠ સુદ ૨ ના રોજ શાંતિપૂર્વક પંચત્વ પામ્યા છે. તેઓશ્રી પ્રાતઃસ્મરણીય શ્રી આત્મારામજી મહારાજના સંપર્કમાં આવેલા આ શહેરના છેલ્લા એક જ પરમ-ભક્ત હતા. આ સભા સ્થાપન થઇ ત્યારના મૂળ દસ સભ્યો પૈકીના તેઓ એક હતા. તેઓ વ્યવહારકુશળ, જૂના, અનુભવી, સભાના સાચા સલાહકાર, અને ખાસ લાગણીવાળા સભ્ય હોવાથી તેઓશ્રીની આ સભાના ઉપપ્રમુખના સ્થાન પર કેટલાય વર્ષથી વરણી કરી હતી. છેલ્લી અવસ્થામાં તો તેઓ (યથા-શક્તિ) આયંબીલ, ઉપવાસ વગેરે, પર્વો અને ખાસ તિથિઓએ કરતા હતા. સ્વભાવે સરલ અને મીલન-સાર હતા. તેઓના સ્વર્ગવાસથી સભાને એક વયોવૃદ્ધ, અનુભવી અને સલાહકાર વડિલ સભ્યની ખોટ



શાહ દામોદરદાસ દીયાળજી.

પડી છે; જે માટે સુદ ૧૨ તા. ૨૨–૬-૧૯૪૫ ના રોજ દિલગીરીનો ઠરાવ પસાર કરવા આ સભાની જનરલ મીટિંગ મેળવવામાં આવી હતી. અને તે ઠરાવ તેઓશ્રીના સુપુત્રને મોકલવા ઠરાવ કરવામાં આવ્યો હતો. છેવટે તેમના સુપુત્ર જુઠાલાલ તથા કુટુંબને દિલાસો આપવા સાથે તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

## શ્રી નરોત્તમદાસ બી. શાહનો સ્વર્ગવાસ.

ભાઇ નરોત્તમ બી શાહનો તા. ૨૭–૬–૪૫ ના રોજ હાર્ટફેઇલથી મુંબઇમાં સ્વર્ગવાસ થયો છે. જૈનોની વસ્તી ગણત્રી અને તેના લગતા પ્રશ્નો માટે અભ્યાસ કરી અનેક પેપરોમાં લેખો આપતા હતા. તેઓ ઘણા વર્ષોથી આ સભાના લાઇફ મેમ્બર હતા. તેઓના સ્વર્ગવાસથી એક યોગ્ય સભ્યની સભાને ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૪૨ મું.

અંક ૧ થી ૧૨ :: સંવત ૧૯૪૪-૪૫

સંવત ૨૦૦૧

: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ પ્રકાશ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ

[ પુસ્તક ૪૨ મું ]

[ સં. ૨૦૦૦ ના શ્રાવણથી સં. ૨૦૦૧ ના આષાઢ સુધીની. ]

## વાર્ષિક વિષયાનુક્રમણિકા


| અનુક્રમ નંબર | લેખના નામો | લેખકના નામો | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | આત્માનંદ સભા અને પ્રકાશ માટે અભિનંદન | ( મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧ |
| ૨. | નૂતન વર્ષાભિનંદન | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨, ૪૫ |
| ૩. | ,, વર્ષનું મંગળમય વિધાન | ( શાહ ફત્તેહચંદ ઝવેરભાઈ ) | ૩ |
| ૪. | પ્રમાદ મિમાંસા | ( આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ. ) | ૧૦ |
| ૫. | સમ્યગ્દર્શન વિષે પ્રકીર્ણ જ્ઞેય | ( મુનિરાજશ્રી પુણ્યવિજયજી : સંવિજ્ઞ-પાક્ષિક ) | ૧૩, ૩૩ |
| ૬. | ગૂજરાતી સાહિત્યના પ્રહ્લાઓ | ( શ્રીયુત ડુંગરશી ધરમશી સંપટ ) | ૧૫ |
| ૭. | અહિંસાનો આદર્શ | ( મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજ 'ત્રિપુટી' ) | ૧૮ |
| ૮. | વર્તમાન સમાચાર ( મળેલાં ) | | ૨૦, ૬૧, ૮૧, ૯૩, ૧૦૧, ૧૧૪, ૧૩૨, ૧૫૩, ૧૭૦, ૧૮૧ |
| ૯. | સાભાર સ્વીકાર | ( સભા ) | ૨૧, ૬૪, ૧૦૩, ૧૩૩, ૧૫૩ |
| ૧૦. | શ્રી સિદ્ધાચલ સ્તવન | ( મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી મ૦ ) | ૨૫ |
| ૧૧. | મેઘાન્યોક્તિ | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨૬ |
| ૧૨. | માનવીને | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ ) | ૨૭ |
| ૧૩. | આશા-તૃષ્ણા | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૩૦ |
| ૧૪. | વીર વિક્રમાદિત્ય | ( ,, હેમેન્દ્રસાગરજી ,, ) | ૩૨ |
| ૧૫. | સમયં મા પમાए | ( શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૩૬, ૫૯ |
| ૧૬. | વિજયી કોણ ? | ( અભ્યાસી ) | ૩૮ |
| ૧૭. | સમયના પ્રવાહમાં યાને વખતના વ્હેણમાં | ( વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ B. A. LL. B. ) | ૪૨ |
| ૧૮. | આત્મશુદ્ધિ | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ ) | ૪૭ |
| ૧૯. | ગુણસ્થાનવિચારણા-આત્મોન્નતિનો અનુક્રમ | ( પં. શ્રી ધર્મવિજયજી મહારાજ ) | ૫૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| અનુક્રમ નંબર લેખના નામો | લેખકના નામો | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૦. અરિહંતચેઈઆણુંના કાયોત્સર્ગમાં આવતા શ્રદ્ધાદિ પાંચ ગુણો | ( મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ ) | ૫૩ |
| ૨૧. યોગની અદ્ભુત શક્તિ | ( સ્વ. બાબુ ચંપતરાયજી જૈની ) | ૫૫, ૭૮, ૯૨ |
| ૨૨. પ્રાચીન જૈન ગૂજરાતી સાહિત્ય | ( શ્રીયુત ડુંગરશી ધરમશી સંપટ ) | ૫૭, ૭૨ |
| ૨૩. શ્રી સિદ્ધાચળ દર્શન | ( મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૬૫ |
| ૨૪. આત્માનંદ પ્રકાશની ભાવના | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૬૭ |
| ૨૫. વિચારશ્રેણી | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ ) | ૬૮, ૧૫૬ |
| ૨૬. શ્રી ઋષભદેવ સ્તવન | ( મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૭૪ |
| ૨૭. પરમાર્થસૂચક વસ્તુવિચાર સંગ્રહ | (મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ : સંવિગ્ન-પાક્ષિક) | ૭૫, ૮૭ |
| ૨૮. મદનો શિકાર | ( શ્રીયુત્ મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૮૦, ૧૬૮, ૧૭૭ |
| ૨૯. નમ્ર સૂચના | ( સભા ) | ૮૫ |
| ૩૦. શ્રી સંભવ જિન સ્તવન | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૮૫ |
| ૩૧. વીર વિભુની સ્તુતિ | ( ,, ,, ,, ) | ૮૫ |
| ૩૨. વિશુદ્ધ ધર્મ | ( ,, હેમેન્દ્રસાગરજી ,, ) | ૮૬ |
| ૩૩. મનનું દુર્જયપણું | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૮૯ |
| ૩૪. જૈનોનું યોગદર્શન | ( શ્રીયુત ડુંગરશી ધરમશી સંપટ ) | ૯૦ |
| ૩૫. શ્રી અજિત જિન સ્તુતિ | ( મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મહારાજ ) | ૯૫ |
| ૩૬. સંક્ષિપ્ત બોધવચનમાલા | (આ. શ્રી વિજયપદ્મસૂરીશ્વરજી મહારાજ) | ૯૫, ૧૨૦, ૧૨૭, ૧૪૨, ૧૭૪ |
| ૩૭. અધ્યાત્મ વચન | ( મુનિરાજશ્રી પુણ્યવિજયજી : સંવિગ્ન પાક્ષિક ) | ૯૭ |
| ૩૮. જિનેન્દ્ર ભક્તિનું માહાત્મ્ય | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૯૮ |
| ૩૯. આચાર્ય હરિભદ્રસૂરિનો યોગ | ( શ્રીયુત ડુંગરજી ધરમશી સંપટ ) | ૯૯ |
| ૪૦. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનું જીવનરહસ્ય | ( શાહ ફત્તેહચંદ ઝવેરભાઇ ) | ૧૦૦, ૧૦૮, ૧૨૨ |
| ૪૧. શ્રી નેમિજિન સ્તવન | ( મુનિરાજશ્રી દક્ષવિજયજી મહારાજ ) | ૧૦૫ |
| ૪૨. ઉપદેશક પદ | ,, વિનયવિજયજી ,, | ૧૦૫ |
| ૪૩. મતભેદ અને ગુણગ્રાહિતા | ( મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ : સંવિગ્ન પાક્ષિક ) | ૧૦૫ |
| ૪૪. જૈન ધર્મ જ્ઞાનદીપકના પ્રકાશો | ( શ્રીયુત ડુંગરશી ધરમશી સંપટ ) | ૧૦૬ |
| ૪૫. શ્રી ઋષભ જિન સ્તવન સાર્થ | ( શ્રીયુત ફતેહચંદ કર્પૂરચંદ લાલન ) | ૧૦૯ |
| ૪૬. સત્કાર સમારંભ (શેઠ મોહનલાલ તારાચંદને માનપત્ર તથા શેઠ ભોગીલાલ લેકચર હોલ ઉદ્ઘાટન ) | ( સભા ) | ૧૧૧ |
| ૪૭. જિનસ્તવન | ( મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ) | ૧૧૪ |
| ૪૮. સંસ્કૃત શ્રી જિન સ્તવન | ( કવિ બાલચંદ હીરાચંદ ) | ૧૧૯, ૧૨૮ |
| ૪૯. જાણવા યોગ્ય કથંચિત્ વિવિધ ઉક્તિઓ | ( મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ ) | ૧૨૧ |
| ૫૦. યોગાનુભવસુખસાગર | ( ,, લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧૨૪ |
| ૫૧. શ્રી સિદ્ધચક્ર ભગવાનની સ્તુતિ | ( આ. શ્રી લલિતસૂરીશ્વરજી મહારાજ ) | ૧૨૫ |
| ૫૨. વર્તમાન વિશ્વની દશા | ( ,, વિજય કસ્તૂરસૂરીશ્વરજી મહારાજ ) | ૧૨૬ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| અનુક્રમ નંબર | લેખના નામો | લેખકના નામો | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૫૩. | સંસારમાં સારભૂત | ( મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ) | ૧૨૬, ૧૪૪ |
| ૫૪. | સૌ કોઈ વીતરાગના માર્ગને અનુસરો | ( ,, લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧૨૯ |
| ૫૫. | શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું ૧૬ મું અધિવેશન | ( સભા ) | ૧૩૧ |
| ૫૬. | શ્રી શ્રેયાંસનાથનું સ્તવન | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ ) | ૧૩૫ |
| ૫૭. | સાહિત્ય અને તેની ઓળખ | ( મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ ) | ૧૩૬ |
| ૫૮. | ક્રોધજય. | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી ) | ૧૩૮ |
| ૫૯. | આત્મા સાથે કર્મના પુદ્દગલોનો સંબંધ અને બંધનમુક્તિ | ( મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ : સંવિજ્ઞપાક્ષિક ) | ૧૪૩ |
| ૬૦. | ભલા થઈને ભલું કરજો | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧૪૫ |
| ૬૧. | આધ્યાત્મિક ઉન્નતિ | ( અભ્યાસી ) | ૧૪૫ |
| ૬૨. | આત્મ ધર્મ વિકાસ | ( મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧૪૮ |
| ૬૩. | બાર ભાવનાઓનું સુંદર સ્વરૂપ | ( ,, લક્ષ્મીસાગરજી ,, ) | ૧૫૦ |
| ૬૪. | યુવાનોને બોધપાઠ : ઉપદેશપદ | ( ,, ) | ૧૫૫ |
| ૬૫. | ભક્તિ કરો સદા કાળ | ( ,, ) | ૧૫૫ |
| ૬૬. | કાવ્યનું સ્વરૂપ | ( મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ ) | ૧૫૭ |
| ૬૭. | આ સંસાર સર્વત્ર વિષમ જ છે | ( ,, પુણ્યવિજયજી ,, ) | ૧૫૯ |
| ૬૮. | શ્રમણ ભગવાન મહાવીર દેવ | ( ,, લક્ષ્મીસાગરજી ,, ) | ૧૬૪ |
| ૬૯. | આધ્યાત્મિક ઉન્નતિનો આધાર | ( અભ્યાસી ) | ૧૬૬ |
| ૭૦. | મેવાડની પરિસ્થિતિ | ( શાસનપ્રેમી ) | ૧૬૯ |
| ૭૧. | આત્માને ચેતવણી | ( રેવાશંકર વાલજી બધેકા ) | ૧૭૧ |
| ૭૨. | કાવ્યથી મળતાં મહાન લાભો | ( મુનિશ્રી ધુરંધરવિજયજી ) | ૧૭૨ |
| ૭૩. | આત્મધ્યાની અનાથી મુનિ | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી ) | ૧૭૬ |
| ૭૪. | જીવનની પ્રયોગશાળા | ( અભ્યાસી ) | ૧૭૯ |


# સ્વીકાર—સમાલોચના ( છેલ્લા અંકની )

નીચેના ગ્રંથો અમોને ભેટ મળ્યા છે તે આભાર સાથે સ્વીકારીએ છીએ.

**૧ તર્પણ**—વિદ્યુતરાય ૫. દેશાઇ તરફથી

**૨ પ્રાર્થના**—શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

**૩ શ્રી ગણધરસાર્દ્ધશતકમ્**—ઉપાધ્યાયજી મહારાજશ્રી સુખસાગરજી મ•

**૪ શ્રી સૂરિત્રય અષ્ટપ્રકારી પૂજા**—રિખવચંદ ડાગા—બીકાનેર.

**૫ પર્વતિથિ ક્ષય વૃદ્ધિ પ્રશ્નોત્તરવિચાર**—મુનિરાજ શ્રી કલહંસવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## છપાતાં ગુજરાતી ગ્રંથો.

૨ કથારત્નકોષ. ૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.
૩ શ્રી સંઘપતિ ચરિત્ર. ૫ શ્રી મહાવીરદેવના વખતની મહાદેવીઓ.

જે કે છપાઈ રહેતાં શુમારે બે હજાર પાનાનું સુંદર વાંચન થશે. આવી સખ્ત મોંઘવારી છતાં સભા આ ઉત્તમોતમ સુંદર સાહિત્યના પ્રકાશનનું કાર્ય ઉદ્દેશ પ્રમાણે કરે છે.

નં. ૧-૩ નાં ૫ માં આર્થિક સહાય આપનાર બંધુઓનું જીવનચરિત્ર ફોટા સાથે આપવામાં આવશે.

## શ્રી તપોરત્ન મહોદધિ ( બીજી આવૃત્તિ )

આગમો તથા પૂર્વાચાર્યકૃત ગ્રંથોમાંથી સંશોધન કરી ૧૬૨ તપોના નામ, તેની વિધિવિધાન દરેક તપોની ક્રિયાઓ સહિત તે કેમ કરવો તેની હકીકતો બહુ જ સરલ અને સાદી ભાષામાં સુંદર શાસ્ત્રીય ટાઇપથી પ્રતાકારે ઊંચા કાગળો ઉપર છપાય છે. ફોર્મ ૧૮ શુમારે ૨૧૬ પેજમાં છપાય છે કિંમત રૂા. ૨-૦-૦ ઘણી થોડી જ કોપીઓ છપાતી હોવાથી વેળાસર અમોને લખી જણાવવું.

આ ગ્રંથ આ તરફથી પ્રથમ છપાયેલ તેની આ બીજી આવૃત્તિ હોવાથી કોઇએ છપાવવા તસ્દી ન લેવી.

## સંસ્કૃત સીરીઝ પ્રકાશન ખાતું.

નીચેના ગ્રંથો સીલીકમાં જુજ છે, જેથી જરૂર હોય તેમણે સત્વર મંગાવી લેવા. ફરી છપાવી શકાય તેમ નથી.

૧ શ્રી બૃહતકલ્પસૂત્ર ભાગ ૩-૪-૫ રૂા ૫ા રૂા. ૬ા રૂા. ૫).
૨ કર્મગ્રંથ બીજો ભાગ ( પાંચમો છઠ્ઠો ) રૂા. ૪-૦-૦.
૩ શ્રી આદિનાથ ચરિત્ર પ્રથમપર્વ ( પ્રત તથા બુકાકારે ) કિંમત રૂા. ૧-૮-૦.
૪ શ્રી કથારત્નકોષ ગ્રંથ લેઝર પેપર રૂા. ૧૦-૦-૦, ગ્લેઝ પેપર રૂા. ૮-૮-૦.
૫ જૈન મેઘદૂત રૂા. ૨-૦-૦.

## દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાનોના સુંદર સચિત્ર ચરિત્રો.

નીચેના ગુજરાતી ગ્રંથોની માત્ર થોડી કોપીઓ સીલીકે છે. ફરી તે પણ છપાઇ શકે તેમ નથી, જલદી લાભ લેવા જેવું છે—

૧ શ્રી આદિનાથ ચરિત્ર રૂા. ૫-૦-૦ ૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર રૂા. ૨-૦-૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ( બીજો ભાગ ) રૂા. ૨-૦-૦ ૪ શ્રી વિમળનાથ ચરિત્ર રૂા. ૨-૦-૦
૫ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર રૂા. ૩-૦-૦ ૬ શ્રી મહાવીર ચરિત્ર રૂા. ૩-૮-૦

## શ્રી કુમાર વિહાર શતક ગ્રંથ.

### શ્રી રામચંદ્રગણિ કૃત મૂળ અને શ્રી સુધાભૂષણગણિ કૃત અવચૂરિ અને ગુજરાતીમાં તેનો ભાવાર્થ વિશેષાર્થ સહિત.

તેરમાં સૈકામાં રસ અને અલંકારના ચમત્કારથી વિભુષિત અસાધારણ નૈસર્ગિક આ ખંડ કાવ્યની રચના થયેલી છે. પરમાર્હત કુમારપાળ મહારાજાએ પાટણમાં પોતાના પિતા ત્રિભુવનપાળના નામથી બનાવેલ શ્રી કુમારવિહાર જૈન મંદિર અને આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે પ્રતિષ્ઠા કરેલ શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ રૂપ આ કાવ્યની રચના હોવા સાથે તે મંદિરનું ચમત્કારિક વર્ણન આપેલ છે. તે મંદિરમાં ૭૨ દેવકુલિકામાં ચોવીશ રત્નની, ૨૪ સુવર્ણની તથા પીતળની અને ચોવીશ રૂપાની ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના જિનેશ્વરોની પ્રતિમા બિરાજમાન હતી, અને મુખ્ય પ્રાસાદની અંદર ૧૨૫ અંગુલ ચંદ્રકાન્તમણીની પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા હતી. સર્વ કળશો અને સ્તંભો સુવર્ણના હતા. એકંદરે તે જિનમંદિર ૯૬ કોટિ દ્રવ્ય ખરચી કુમારપાળ મહારાજે બંધાવ્યું હતું, તેનું વર્ણન છે. કાવ્યની રચના સાથે તેનું ગુજરાતીનું ભાષાંતર પણ આપવામાં આવ્યું છે. ઉંચા આર્ટ પેપર ઉપર સુંદર શાસ્ત્રી અક્ષરથી પોથી આકારે છપાયેલ છે. ભાષા જ્ઞાનના અભ્યાસીઓ માટે ઉચ્ચ સાહિત્ય પૂરૂં પાડે છે. ૨૫૦ પાનાનો ગ્રંથ છે. કિંમત રૂા. ૨-૦-૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

# તૈયાર છે ! ॥ श्री कथारत्न कोष ॥(कहारायण कोसो) તૈયાર છે !!

આ "કથારત્ન કોષ" ગ્રંથ પ્રાકૃત ભાષામાં શ્રી દેવભદ્રાચાર્ય જેવા વિદ્વાન આચાર્ય મહારાજે સંવત ૧૧૫૯ માં તાડપત્ર ઉપર શ્લોક ૧૧૫૦૦ પ્રમાણમાં રચેલો છે; પ્રાચીન તાડપત્રની પ્રત ઉપરથી ઘણા જ પરિશ્રમે સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે, જે જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. અત્યાર સુધી જે ગ્રન્થનું નામ પણ સાંભળવામાં આવેલ નથી, એવા મહા મૂલ્યવાન જુદા જુદા ૫૦ જૈનધર્મના તત્ત્વજ્ઞાન અને બીજા જાણવાલાયક વિષયો ઉપર અનેક અનુપમ કથારૂપી રત્ન ભંડાર આ ગ્રંથમાં ભરેલ છે; શ્રી મુનિ મહારાજાઓને વ્યાખ્યાન માટે તો ખાસ ઉપયોગી છે, તેમ પુરવાર થયેલ છે. ફોર્મ ૬૬ પાના ૮૦૦ આઠસેંહુ ઉંચા લેઝર પેપર, અને ઉંચા ટકાઉ ગ્લેઝ્ડ પેપર ઉપર શાસ્ત્રી સુંદર ટાઇપથી પ્રતકારે છપાવવામાં આવેલ છે, અનુક્રમે કિંમત રૂા. ૧૦) તથા રૂા. ૮-૮-૦

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર )

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવન ચરિત્ર સૌરભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રામાણિક, ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. આ ગ્રંથમાં એકત્રીશ વ્યકિતના તેત્રીશ કાવ્યોનો સંચય-ગુજરાતી રાસોનું સંશોધન કાર્ય સંપાદક મહાશયે કરેલ છે; તેમજ પાછળના કેટલાક રાસો વગેરેનું શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ.એલ. બી. તેમજ વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ.એલ. બી. એ ઉપોદ્‌ઘાત પરિશિષ્ટો અને કેટલાક રાસો છોટાલાલ મગનલાલ શાહ અને પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી વગેરે સાક્ષરોએ સંપાદન કાર્ય કરેલ છે.

તેનો રચના કાળ ચૌદમાં સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડા ચાર સૈકાનો છે, તે સૈકાઓનું ભાષા સ્વરુપ, ધાર્મિક, સમાજ, રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે તે સમયના લોકોની ગતિનું લક્ષબિંદુ એ દરેકને લગતી સત્ય પ્રમાણિક બધી માહિતીઓ આ ગ્રંથમાં આપવામાં આવેલી છે.

પંદરમાં સૈકા પછીના આચાર્યોએ ગુજરાતી ભાષામાં તે તે સમયમાં ને રૂપમાં તે તે પ્રાન્તમાં ગ્રામ્ય ભાષા ચાલતી તેને પ્રાધાન્યપણું આપી રચેલા આ કાવ્યો છે. આ કાવ્યોના કર્તા કવિઓની પ્રતિભા પણ તેમાં તરી આવે છે.

આ ગ્રંથમાં કાવ્યો, તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્ત્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે, ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

## શ્રી તત્ત્વનિર્ણયપ્રસાદ ગ્રંથ.

પ્રાતઃસ્મરણીય શ્રી આત્મારામજી ( શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ) મહારાજની કૃતિના અનેક અણમૂલા ગ્રંથોમાં મોટામાં મોટો અનેક જાણવા જેવી અનેક હકીકતો સાથેનો આ ગ્રંથ છે. પાના ૯૦૦ ઉપરાંત છે. આ ગ્રંથ ફરી છપાય તેમ પણ નથી. અમારી પાસે તેની ૫૦) કોપી માત્ર આવેલી છે. કિંમત રૂા. ૧૦) દશ પોસ્ટેજ અલગ.

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ : દાણાપીઠ—ભાવનગર.

For Private And Personal Use Only